ભજન:૧

## શ્રી ગણપતિની સ્તુતિ

પ્રથમ પહેલા સમરીએ, સ્વામી તમને સુંઢાળા
રિદ્ધિ સિદ્ધિના દેવ દેવતા, મહેર કરો મહારાજ રે
પ્રથમ પહેલા....

માતા રે કહીએ પારવતી રે, સ્વામી તમને સુંઢાળા
પિતા છે શંકર દેવ દેવતા, મહેર કરો મહારાજ રે
પ્રથમ પહેલા....

ધુપ સિંદુરની સેવા ચડે રે, સ્વામી તમને સુંઢાળા
ગળામાં ફુલડાની માળ દેવતા, મહેર કરો મહારાજ રે
પ્રથમ પહેલા....

કાનમાં કુંડળ ઝળહળે રે, સ્વામી તમને સુંઢાળા
ગળામાં મોતીડાનો હાર દેવતા, મહેર કરો મહારાજ રે
પ્રથમ પહેલા....

"રાવત રાય" ની વિનંતી રે, સ્વામી તમને સુંઢાળા
ભક્તની રહેજો સાથ દેવતા, મહેર કરો મહારાજ રે
પ્રથમ પહેલા....